Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582–046X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

# આદિવાસી મહિલાઓના ઉત્કર્ષમાં પૂર્ણિમાબેન પકવાસાનું પ્રદાન

ચાવડા.વૈશાલી આર .
પી.ડી.એચ. વિધ્યાર્થી
ગૂજરાત વિદ્યાપીઠ

"પ્રકૃતિ એ નારીમાં સ્નેહશીલતા, સુકોમળતા, સર્જનશીલતા, વાત્સલ્ય અને કરૂણાભરી છે. તેના એ ઉચ્ચગુણોને ઘનઘોર રાતોમાંથી અંધારી કાલિમાંથી પ્રાતઃકાળના પરોઢની માફક સૌભ્ય પવિત્ર ઉઘાડ કરીએ, આવો આપણે સમતામુલક સમાજની રચના કરીએ અને નારીને આત્મવિશ્વાસથી સભર બનાવીએ."[૧]

"સ્ત્રીઓમાં એવી અદ્દભૂત શક્તિ છે કે જો તેઓ કામ કરવા ધારે અને તેને ખંતપૂર્વક કરે તો એક પહાડને પણ હલાવી શકવાની તાકાત ધરાવે છે."[૨] - ગાંધીજી

ગાંધીયુગની નિર્ભીક, નિરાંડબરી, સત્યભાષી, સેવાભાવી, સરળ-સાદા, ગહનવાચિકા, વિચારક, સાહિત્યકાર અને ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠના આદ્ય સ્થાપિકા એવા પૂર્ણિમાબેન પકવાસા. જેમનો જન્મ આસો સુદ એકમના નવરાત્રિના પ્રથમ દિવસે ઈ.સ. 1913ની 1લી ઓક્ટોબરના રોજ એમના મોસાળ સુરેન્દ્રનગરમાં થયો હતો.[3]તેમના પિતા વ્રજલાલ શેઠ અને માતા ચંચળબેન હતા. તેમના કાકા અમૃતલાલ શેઠ એ પણ રાષ્ટ્રવાદથી પ્રેરિત હતા. જેને લીધે પૂર્ણિમાબેનમાં રાષ્ટ્રભક્તિના ગુણો વારસામાં જ મળ્યા હતાં.

ગાંધીજીના મત મુજબ આપણા દેશમાં પછાત વર્ગનું પ્રમાણ ઘણું મોટું છે. તેમની સેવા પ્રભુ સેવા સમજીને જો તેમનું ઉત્થાન કરવામાં આવે તો એ પછાતવર્ગ, એ અભિશાપમાંથી મુક્ત થઈ શકે. આ રીતે બાળપણથી જ ગાંધીજીના આદર્શથી પ્રેરાઈને પૂર્ણિમાબેને દેશના આઝાદી આંદોલનમાં પણ પોતાનો ફાળો આપ્યો હતો. ત્યારબાદ તેમણે ગાંધીજીના આદર્શ તરફ ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. જેથી લગ્ન પછી આધ્યાત્મિક અભિગમ ધરાવતા પૂર્ણિમાબેન એક વખત ધ્યાનમાં બેઠા હતા ત્યારે તેમને એક સ્થળ દેખાયું. જેમાં શ્યામરંગી કન્યાઓ નજરે પડતી હતી. મા ભગવતી જાણે કે પૂર્ણિમાનો હાથ પકડીને દોરતી હતી અને આજ્ઞા કરી રહી હતી, 'તારે આ કામ કરવાનું છે આ તારુ ભવિષ્ય છે.' બે ત્રણ દિવસ સુધી સતત આવી અનુભતી થઈ એટલે પૂર્ણિમાબેને સસરા મંગળદાસ પકવાસાને વાત કરી અને મંગળદાસે તેને પ્રતિસાદ આપતા જણાવ્યું કે એ જગ્યાની શોધનો આરંભ કરવો જોઈએ. સાત આઠ વરસ સુધી આ તપાસ ચાલી

અને છેવટે રતુભાઈ અદાણીએ તેમને એક સ્થળ બતાવવાની વાત કરી. સૌ ત્યાં ગયા અને એક ઝાડ નીચે પૂર્ણિમાબેન ઊભા રહ્યા અને ત્યાં જ તેમને જબરદસ્ત 'વાઈબ્રેશન' નો અનુભવ થવા માંડયો, તેમણે સૌને જણાવ્યું કે બસ, હવે ક્યાંય જવાની જરૂર નથી, મને અહીં જ આવવાનો આદેશ થયો છે, અહીં ઈ.સ. 1974માં આ શોધ પૂરી થઈઅને એ સ્થળે સંસ્થા શરૂ કરવાનો નિર્ણય લેવાયો. આ સ્થળ એટલે ડાંગમાં આવેલ સાપુતારા ડાંગની ભૌગોલિક સ્થિતી વિશિષ્ટ હતી તો સામાજીક સ્થિતી એથી પણ વિકટ હતી. ગીચ જગંલ હોવાથી ચોમાસામાં અતિશય વરસાદ પડે અને બાકીની ઋતુઓમાં પાણીની મુશ્કેલી સમગ્ર વિસ્તારમાં મુખ્ય વસ્તી આદિવાસીઓની જેમાં શિક્ષણનું પ્રમાણ પણ સાવ નહિવત હતું. આવા વિકટ સંજોગોમાં પણ પૂર્ણિમાબેને હિંમત હાર્યા વિના પ્રયાસો શરૂ રાખ્યા. અને છેવટે 14 જેટલી છોકરીઓના પ્રવેશથી આ સંસ્થાનો પ્રારંભ કર્યો.[૪]

પૂર્ણિમાબેને સ્થાપેલ સંસ્થાનું નામ 'ઋતંભરા વિશ્વવિદ્યાપીઠ છે. જેના નામનો જ અર્થ ઋતંભરા એટલે શાશ્વત સત્ય જેની સ્થાપના પૂર્ણિમાબેને આદિવાસી સમાજના લોકો અને મહિલાઓના વિકાસ થાય તે હેતુથી કરી હતી. જેમાં આ સંસ્થાની ખાસ પ્રવૃત્તિએ શિક્ષણ અને નારી ઉત્થાનના કાર્યો, છે. જેમાં ખાસ કરીને મહિલા વિકાસના કાર્યો, સ્વરક્ષણની તાલીમ, અર્થોપાર્જન માટેની પ્રવૃત્તિઓ વગેરેની તાલીમ આપવામાં આવે છે અને આવી તાલીમો મેળવી મહિલાઓ પોતાની આજીવિકા મેળવી શકે અને આદિવાસી સમગ્ર સમાજનો વિકાસ થાય તે હેતુથી' ઋતભરા ગ્રામીણ વિકાસ ટ્રસ્ટની પણ સ્થાપના કરવામાં આવી છે. જેમાં શિક્ષણ આરોગ્ય પ્રત્યે જાગૃતિ, વ્યસનમુક્તિ, અર્થોર્પાજન વગેરેની માહિતી તાલીમ આપવામાં આવે છે.

આ સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિઓ જેવી કે,

(1) શિક્ષણ

(2) નારી ઉત્થાન માટેના કાર્યો

(3) સમર કેમ્પ

(4) બાગાયત અને ઔષધિ ઉછેર કેન્દ્ર

(5) ગૌશાળા તથા

ઋતંભરા ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ પર આધારિત (1) યુવાજાગૃતિ અને યુવા સંગઠનો (2) મહિલા સશક્તિકરણ (3) હસ્તકલા કારીગરી અને સંગઠનો (4) પર્યાવરણ સરંક્ષણ (5)

સ્વાસ્થય ઉપચાર કેન્દ્રો તથા વ્યસન મુક્તિ અને અર્થોપાર્જન કેવી રીતે મેળવવું વગેરે કાર્યો કરવામાં આવે છે.

આ સંસ્થાની શરૂઆત એ ચૌદ જેટલી વિદ્યાર્થીનીઓથી કરવામાં આવી હતી. આજે તેની સંસ્થા 875 જેટલે પહોંચી છે. જેનો ખર્ચ બોમ્બે ટ્રસ્ટ મંડળ દ્વારા ઉઠાવવામાં આવે છે, ખાસ બાબત  તો અહીં એ જોવા મળે છે કે પૂર્ણિમાબેન પકવાસા એક સ્વાતંત્ર્ય સૈનિક હોવાને લીધે તેમને સરકાર દ્વારા જે પેન્સન આપવામાં આવતું તે સમગ્ર પેન્સન શરૂઆતથી લઈને મૃત્યુ સુધીનું બધું જ તેમણે આ સંસ્થાને લઈને અર્પણ કરેલ છે.

જેમાં બહેનોને આધ્યાત્મિક તાલીમો, સ્વરક્ષણની તાલીમો, સંગીતના વર્ગો, ઘોડેસવારી, મીલીટરી તાલીમો વગેરે જેવી તાલીમો પણ આપવામાં આવે છે. તથા દર વર્ષે ઉનાળામાં ત્યાં બાળકો અને યુવતીઓ માટે સમરકેમ્પનું આયોજન પણ કરવામાં આવે છે, જેમાં અત્યાર સુધી 26,000 જેટલી બહેનોએ ભાગ લીધેલ છે.

મોરારજી દેસાઈ અટલ બિહારી વાજપેયી, શ્રી જર્યોજ ફર્નાડિંસ, શ્રી કૈલાસરુપજી મિશ્રા, શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત, ડૉ. એ.પી.જે અબ્દુલ કલામ વગેરે જેવા મહાનુભવોએ પણ આ આ વિશ્વવિદ્યાપીઠની મુલાકાત લીધેલ છે.[૫]

આ રીતે પૂર્ણિમાબેને આ સંસ્થાની સ્થાપનાની શરૂઆત લઈને છેક તેમના મૃત્યુ સુધી સમગ્ર પ્રવૃત્તિઓ આ સંસ્થાનો વિકાસ તેમજ આદિવાસી સમાજ અને આદિવાસી મહિલાઓનો વિકાસને લઈને જ કરી છે. જેને માટે પૂર્ણિમાબેનને 'ડાંગની દીદી' એવું ઉપનામ આપવામાં આવ્યું છે.

તેમના આવા પછાત વર્ગની મહિલાઓ તથા તેમના વિકાસના કાર્યને બિરદાવતા તેઓને ઘણા પુરસ્કારો પણ મળ્યા છે. જેમ કે 1983માં ઘાટકોપરની રાષ્ટ્રીય શાળાનો 'સ્વાતંત્ર્ય સેનાની'નો એવૉર્ડ, 1984માં સંસ્કાર કેન્દ્ર તરફથી અમૃત પુરસ્કાર, 1985માં આદિવાસી સેવા માટે અભિનવ ટ્રસ્ટ તરફથી એવોર્ડ, 1993માં પણ રોટેરીયન એવૉર્ડ, 1995માં સ્ત્રીઓની ઉન્નતિ માટેનો ચંપાબેન ગાંધી એવૉર્ડ, 1995માં આદિવાસી ઉત્કર્ષ માટે પાટકર ફાઉન્ડેશન તરફથી એવૉર્ડ, 1998માં ઓલ ઈન્ડિયા કમિટી તરફથી સ્ત્રી સાક્ષરતા માટે શ્રી લક્ષ્મી મેનન એવૉર્ડ, તથા 2003માં વિશ્વ ગુજરાતી પરિષદ તરફથી એવૉર્ડ અને 2004માં ભારત સરકાર તરફથી પદ્મભૂષણ તથા 2007માં અરૂણા દેસાઈ એવૉર્ડ મળેલ છે.[૬]

- **સમાપન :-**

આમ ઉપરોક્ત જણાવ્યા અનુસાર પૂર્ણિમાબેન પકવાસાએ પોતાના જીવંતપર્યંત દરમિયાન પછાત  વર્ગો એવા આદિવાસી સમાજને કેન્દ્રમાં રાખી તેમનો સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયત્નો કર્યા છે, જેથી આદિવાસી વિસ્તારના લોકોએ તેમને 'ડાંગના દીદી' એવું ઉપનામ આપેલું છે. જેથી ઈતિહાસમાં પણ તેમને 'ડાંગના દીદી'ના નામે ઓળખવામાં આવે છે. આ રીતે અત્યંત દુર્ગમ અને પછાત કહી શકાય તેવા વિસ્તારમાં શિક્ષણ પ્રત્યેની ભાવના જગાડનાર તથા ત્યાં શિક્ષણનો વિકાસ અને આદિવાસી મહિલાઓનો ઉત્કર્ષ કરનાર ધન્ય છે આ નારીને...

- **સંદર્ભગ્રંથ સૂચિ**

1. (સાપુતારા) ઋતંભરા પરિચય ઋતંભરા ટ્રસ્ટ, પૃ-2.
2. – બિહાર પછી દિલ્લી મનુ ગાંધી-પૃ ,237.
3. શક્તિરૂપેણ સંસ્થિતા – અમરપંડિત કુસુમ પ્રકાશન.પૃ ,અમદાવાદ ,121 ,બીજી આવૃત્તિ , 2010.
4. – ગુજરાતની શિક્ષણ વિભૂતીઓ પ્રા .અમદાવાદ ,ગૂર્જર પ્રકાશન ,ભદ્રાયુ વછરાજાની .ડૉ. -પૃ274-આ .પ્ર  ,2011.
5. ,ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠની રૂબરૂ મુલાકાતને આધારે
6. સ્વયં પ્રકાશિત તારલીઓ .નવસર્જન પબ્લિકેશન અમદાવાદ ,હર્ષિદા રામુ પંડિત .ડૉ - -પૃ62-આ .પ્ર ,2013.